**ક્રિ.કે.નં.- 2002/2024**

**::આંક–૧ લગત હુકમ ::**

સદર કામે આરોપી/ઓ વિરુધ્ધ આક્ષેપીત ગુનો–કલમ– આઈ.પી.સી.279 અને એમ. વી. એકટની કલમ–184, 177 મુજબ પોલીસ ફરીયાદ આધારે ચાર્જશીટ કરવામાં આવેલ છે. જે ગુના સબંધે આરોપીને સમન્સ કરતા આજરોજ આરોપી કોર્ટ સમક્ષ લોકઅદાલત/સ્પેશીયલ સીટીંગમાં હાજર થયેલ છે અને ગુનો કબુલ કરતાં હોવાની જાહેરાત કરતી કબુલાત પુરશીશ રજુ કરેલ છે.આરોપીની પ્લી નોંધતા આરોપી ગુનો કબુલ કરેલ છે.

સદર કામે આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુનાની સજાની જોગવાઈ જોતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ.નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫ **GLR 709** તેમજ રમેશચંદ્ર ભીખાલાલ સોની વિ.સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૩ ૨ **GLR 974** માં સ્થાપિત સિધ્ધાંતોને ઘ્યાનમાં લઈ આજરોજ લોકઅદાલત કેસોનું ભારણ ઘટે તેવા અભિયાનના ભાગ રૂપે આરોપીને ગુનાની કબુલાત કરી ભવિષ્યમાં તેવા ગુનાનુ પુનરાવર્તન ના કરે અને સુધરવાની તક મળી રહે તેમજ આરોપીના સંજોગોને ઘ્યાને લેતા નીચે મુજબનો દંડ/સજા ફરમાવુ ન્યાયોચીત જણાતુ હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:– હુ ક મ –:**

CRPC કલમ ૨૫૨ મુજબ આરોપી/ઓ ને કબુલ રાખેલ ગુન્હાની કલમ આઈ.પી.સી.279 અને એમ. વી. એકટની કલમ–184, 177 મુજબના ગુના સબબ આરોપી દીઠ રૂા.૩૦૦/–**(અંકે રૂપીયા ત્રણસો પુરા)** નો દંડ ફરમાવવામાં આવે છે અને જો દંડની રકમ ભરવામાં આરોપી કસુર કરે તો તો દિન–૦૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. મુદામાલ સબંધે વચગાળાનો હુકમ હોય તો આખરી ગણવો તેમજ અન્ય કોઈ મુદામાલ કબજે લીધેલ હય તો અપીલ સમય બાદ નાશ કરવો. કોઈ રોકડ રકમ હોય તો તે શ્રી સરકાર થવા આદેશ કરવમાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪/૦૯/૨૦૨૪ ની સ્પે.સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૯/૨૦૨૪.
સાણંદ.

(એ.આર.ધોરી)
બીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
સાણંદ
કોડનં.જી.જે.૦૦૯૯૮